# UPL Limited

CIN: L24219GJ1985PLC025132

**Regd. Office:** 3-11, G.I.D.C, Vapi, Dist. Valsad, Gujarat - 396195.
Tel: 0260-2400717 • Fax: 0260-2401823
Website: www.uplonline.com
Email: upl.investors@uniphos.com

## NOTICE TO EQUITY SHAREHOLDERS OF THE COMPANY

### Sub.: Transfer of Equity Shares of the Company to Investor Education and Protection Fund Authority (IEPF)

This Notice is published pursuant to the provisions of the Companies Act, 2013 read with the Investor Education and Protection Fund Authority (Accounting, Audit, Transfer and Refund) Rules, 2016 (the Rules) notified by the Ministry of Corporate Affairs effective September 7, 2016.

The Rules, inter alia, provides for transfer of shares in respect of which dividend has not been paid or claimed by the shareholders for seven consecutive years or more in the name of IEPF Suspense Account (IEPF) set up by the Investor Education and Protection Fund Authority.

Accordingly, the Company is communicating to those shareholders whose shares are liable to be transferred to IEPF under the said Rules at their latest available address for taking appropriate actions. Relevant details of unclaimed dividend and shares due for transfer to IEPF have also been uploaded in section Investors, Policies, Compliances & Announcements on the Company's website www.uplonline.com

**Concerned shareholders are hereby informed to make application to the Company or Share Transfer Agent (STA) on or before 15.03.2017 or such extended or relevant date, with a request for claiming the unpaid dividend so that the shares are not transferred to IEPF.**

In case the Company or STA does not receive communication or hear anything from concerned shareholders on or around the above mentioned date, the Company shall initiate to transfer the above referred shares to IEPF without further notice, pursuant to the Rules. Please note that no claim shall lie against the Company in respect of unclaimed dividend amount and/or shares transferred to IEPF.

Shareholders may note that both the unclaimed dividend and shares transferred to IEPF including all the benefits accruing on such shares, if any, can be claimed back by them from IEPF Authority after following the procedure prescribed under the Rules and relevant guidelines.

As per the procedure described in the Rules for transferring the shares to IEPF, the Company would issue duplicate certificates in respect to the shares in physical form liable to be transferred to IEPF and relevant original share certificates would be deemed as cancelled and non-negotiable. The shareholders may further note that the details uploaded by the Company on its website should be regarded and shall be deemed adequate notice in this respect and pursuant to the applicable provisions.

In case the shareholders have any queries, they may contact the Company's STA, Link Intime India Pvt. Ltd., Unit: UPL Limited, C/13 Pannalal Silk Mills Compound, LBS Marg, Bhandup (West), Mumbai 400078.Tel.:022 25946970. Fax: 022 2594 6969 E-mail: rnt.helpdesk@linkintime.co.in

**for UPL Limited**
**M. B. Trivedi**
**Company Secretary & Compliance Officer**

Place: Mumbai
Date: 16/02/2017

17/2/17 UPL

# યુપીએલ લિમિટેડ

CIN: L24219GJ1985PLC025132

નોંધણીકૃત કાર્યાલયઃ ૩-૧૧, જી.આઈ.ડી.સી., વાપી, જિલ્લો વલસાડ, ગુજરાત - ૩૯૬ ૧૯૫.
ફોન નં.: ૦૨૬૦-૨૪૦૦૭૧૭ • ફેક્સ નં.: ૦૨૬૦-૨૪૦૧૮૨૩
વેબસાઈટઃ www.uplonline.com
ઈ-મેઈલઃ upl.investors@uniphos.com

## કંપનીના ઈક્વિટી શેરહોલ્ડરોને નોટિસ

### વિષયઃ કંપનીના ઈક્વિટી શેરોનું ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (આઈઈપીએફ)માં ટ્રાન્સફર

આ નોટિસ કંપની ધારા ૨૦૧૩ની જોગવાઈઓ સાથે વાંચતાં ૭મી સપ્ટેમ્બર, ૨૦૧૬ના રોજ અમલી કોર્પોરેટ બાબતોના મંત્રાલય દ્વારા સૂચિત ઈન્વેસ્ટર એજ્યુકેશન એન્ડ પ્રોટેક્શન ફંડ ઓથોરિટી (અકાઉન્ટિંગ, ઓડિટ, ટ્રાન્સફર અને રિફંડ) નિયમો, ૨૦૧૬ અંતર્ગત પ્રસિદ્ધ કરવામાં આવી છે.

આ નિયમો દ્વારા અન્ય બાબતો ઉપરાંત, જે શેરધારકોના શેરનું ડિવિડંડ સતત સાત કે તેથી વધુ વરસ સુધી ચુકવણી વગર અથવા શેરધારકો દ્વારા દાવો ન કરવા માં આવ્યો હોય એવા શેરધારકોનાં શેરો ઈન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેક્શન ફંડ ઓથોરીટી દ્વારા સ્થાપિત ઈન્વેસ્ટર એજ્યુકેશન અને પ્રોટેક્શન ફંડ સસ્પેન્સ એકાઉન્ટ (આઈઈપીએફ) માં તબદીલ કરવાની જોગવાઈ કરેલ છે.

આથી કંપની દ્વારા જેમનાં શેરો અંતર્ગત આ નિયમો હેઠળ આઈ.ઈ.પી.એફ. ખાતામાં તબદીલ થવાને પાત્ર છે. એવા શેરધારકોને કે જેમનાં છેલ્લામાં છેલ્લા તેમનાં નોંધાયેલા સરનામાં પર પત્ર વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. જેથી શેરધારકો આ વિગત પ્રમાણે યોગ્ય કાર્યવાહી કરી શકશે. ઉપરોક્ત દાવા વગરના શેરો અને ડિવિડંડ જે આઈઈપીએફ ખાતામાં તબદીલ કરવાને પાત્ર હોય એની માહિતી ઈન્વેસ્ટરર્સ, પોલીસી કોમ્પલાયન્સ અને એનાઉન્સમેન્ટ અંતર્ગત કંપનીની વેબસાઈટ www.uplonline.com ઉપર પણ મુકવામાં આવી છે.

**સંબંધિત શેરહોલ્ડરોને કંપની અથવા શેર ટ્રાન્સફર એજન્ટ (એસટીએ)ને તા. ૧૫.૦૩.૨૦૧૭ના અથવા પૂર્વે અથવા વિસ્તાવિત કે સુસંગત તારીખ પૂર્વે ચૂકવાયું ન હોય તે ડિવિડંડના દાવા માટે વિનંતી સાથે અરજી કરવા માહિતગાર કરવામાં આવે છે, જેથી શેરો આઈઈપીએફમાં ટ્રાન્સફર નહીં કરાય.**

જો કંપની કે એસટીએને સંબંધિત શેરહોલ્ડરો પાસેથી ઉક્ત ઉલ્લેખિત તારીખના અથવા તેની આસપાસ કોઈ સંદેશવ્યવહાર કે સંદેશ નહીં મળે તો કંપની નિયમો અંતર્ગત વધુ સૂચના વિના આઈઈપીએફમાં ઉક્ત સંદર્ભિત શેરો ટ્રાન્સફર કરવાની પહેલ કરશે. કૃપયા ધ્યાન રાખો કે દાવો ન કરાયેલી ડિવિડંડની રકમ અને/અથવા શેરો આઈઈપીએફમાં ટ્રાન્સફર કરાય તે સંબંધમાં કંપની સામે કોઈ પણ દાવો કરી નહીં શકાશે.

શેરહોલ્ડરોને જાણ કરવામાં આવે છે કે આઈઈપીએફમાં ટ્રાન્સફર કરાયેલા દાવો ન કરાયેલા ડિવિડંડ અને શેરો તથા આવા શેરો પર મળનારા બધા લાભો સહિત તેમના દ્વારા નિયમો અને સુસંગત માર્ગદર્શિકા હેઠળ મુકરર પ્રક્રિયાનું પાલન કર્યા પછી આઈઈપીએફ સત્તા પાસેથી તેમના દ્વારા પાછો દાવો કરી શકાય છે.

આઈઈપીએફમાં શેરોના ટ્રાન્સફર માટે નિયમોમાં મુકરર પ્રક્રિયા અનુસાર કંપની આઈઈપીએફમાં ટ્રાન્સફર કરવાને પાત્ર પ્રત્યક્ષ સ્વરૂપમાં શેરો સંબંધમાં ડુપ્લિકેટ સર્ટિફિકેટ જારી કરશે અને સુસંગત અસલ શેર સર્ટિફિકેટો રદબાતલ અથવા તો નોન-નેગોશિયેબલ ગણાવામાં આવશે. શેરહોલ્ડરોએ તદ ઉપરાંત ધ્યાનમાં લેવું જોઈએ કે કંપની દ્વારા તેની વેબસાઈટ પર મુકવામાં આવેલી વિગતો આ સંબંધમાં અને લાગુ જોગવાઈઓ અનુસાર પૂરતી સૂચના ગણવી અને ગણવામાં આવશે.

જો શેરહોલ્ડરોને કોઈ પણ મૂંઝવણ હોય તો તેઓ એ કંપનીના એસટીએને જણાવેલા સરનામા ઉપર સંપર્ક કરી શકે છેઃ એસટીએ, લિંક ઈનટાઈમ ઈન્ડિયા પ્રા. લિ., યુનિટઃ યુપીએલ લિમિટેડ, સી/૧૩ પન્નાલાલ સિલ્ક મિલ્સ કમ્પાઉન્ડ, એલબીએસ માર્ગ, ભાંડુપ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૭૮, ફોનઃ ૦૨૨ ૨૫૯૪૬૯૭૦, ફેક્સઃ ૦૨૨ ૨૫૯૪ ૬૯૬૯, ઈ-મેઈલઃ rnt.helpdesk@linkintime.co.in

યુપીએલ લિમિટેડ વતી
એમ. બી. ત્રિવેદી
કંપની સેક્રેટરી અને
કોમ્પ્લાયન્સ ઓફિસર

સ્થળઃ મુંબઈ
તારીખઃ ૧૬/૦૨/૨૦૧૭

17/2/17